ક્રિ.કેસ.નં. 918/1994

**—:આંક —૧ લગત હુકમ:—**

**આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લો અદાલત યોજવામાં આવેલ છે. અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સતામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.**

**સદર કેસનું રેર્કડ ધ્યાને લીધુ. આરોપીઓ સામે નું ગુનાનું તહોમત ધ્યાને લીધુ. સદર કામે આરોપીઓ સામે વારંવાર સમન્સ/વોરંટ કરવા છતા ચાર્જશીટના જણાવેલ સરનામે મળી આવેલ નથી/બજતુ નથી અને આરોપી સામેનો કેસ ઘણો જુનો છે અને આરોપીને સમન્સ/વોરંટ પર લાંબા સમયથી મુલતવી રહેતો આવેલ છે અને આરોપીઓ સામે કાઢેલ પ્રોસેસ પણ બજે કે વગર બજે કે નવા સરનામા મેળવી પોલીસ બજવણી તરફથી પરત ફરેલા નથી. કે પોલીસ બજવણી અધીકારી પ્રોસેસ ની રુએ આરોપીઓ ને હાજર કરી શકેલા નથી અને આરોપીઓ ને વોરંટ બજી પકડી આવેલા નથી અને કેસ નિષ્ક્રિય બની રહેલ છે અને કેસ "ડોરમેન્ટ —કેસ" બની રહેલ છે અને કેસનુ રેકડ જોતા પણ આરોપીની હાજરી મળી આવે તેમ જણાતી નથી અને સરકાર પક્ષે પણ આરોપીની હાજરી કેસમા ઉપ્લબ્ધ કરાવવા કોઈ અરજી/રીપોટ/રજુઆત નથી. જેથી આરોપીને વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવા છતા આરોપીની હાજરી ઉપ્લબ્ધ થઈ શકે તેમ જણાતુ નથી અને કેસની ન્યાયીક કાર્યવાહી લંબાયા સીવાય અન્ય કોઈ હેતુ સરતો નથી. આથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને વધુ તકો આપવી ઉચીત જણાતી નથી.**

**પી.રામચંદ્ર વિ. કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં સિંધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે,** “The Criminal Court should exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effectuate the right to speedy trial” **આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નંબર ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સામાં સી.આર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે. આમ ઉપરોકત હકીકતો ધ્યાને રાખી સદર કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય જેથી પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નીવડેલ હોય અને હવે વધુ સમય આરોપીને હાજર કરાવવા પોલીસ તંત્રને વધુ સમય આપવો ઉચીત જણાતો ન હોય. જેથી ક્રિમીનલ પ્રો.કોડની કલમ—૨૫૮ ધ્યાને લઈ હાલની કેસની કાર્યવાહી સ્થગીત કરવું ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ ફરમાવવામા આવે છે.**

**—:હુકમ:—**

**૧.આથી હાલના કેસના ચાર્જશીટ પરના આરોપી નં.૧ સામેની કેસની કાર્યવાહી સ્થગીત કરવાનો હુકમ કરવામા આવે છે. આથી આરોપીને બીન—તહોમત મુકત કરવામા આવે છે.**

**૨. આરોપીનો જાત મુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ જપ્ત કરી સરકાર ખાલસા કરવામાં આવે છે.**

**૩. આ કામે કબ્જે લીધેલ મુ.માલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે. અને અન્ય બીન કીમતી મુ.માલ કે કિંમતી મુ.માલ નો અપીલ સમય વિત્યે ક્રિમીનલ મેન્યુઅલ ની જોગવાઈ મુજબ નિયમઅનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**આજરોજ તા.** 22-07-2018 **ના રોજ સ્પેશ્યલ સીટીંગ મેજીસ્ટ્રેટ ની અદાલતમા જાહેર કર્યુ.**

**તા.** 22-07-2018
**અમદાવાદ**

**બીજી એડી.સીવીલ જજ અને**
**જયુ.મેજી.ફ.ક. અમદાવાદ (ગ્રામ્ય)**